# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૧૧

## સલામી સવારની..

ટેન્ડર-મલાઇથી જાડો લોટ મોવાઇ જાય છે!
ચૂંટણી-ફંડથી બધાં જ પાપ ધોવાઇ જાય છે!
કોહવાઇ જાય કાયદો, નિયમો થાય નિમાણાં -
રેલો આવે પગે ત્યારે ફાઇલો ખોવાઇ જાય છે!
(કોલગેટ ફાઇલો ગૂમ)

## હાઇકુ

ફંગોળાય છે
‘લોકપાલ’ નો દડો -
બંને બાજુથી..
(ગવર્નરશ્રી-સરકાર વચ્ચે મેચ)

વણઝારાને
ખૂબ ભટક્યા પછી -
લાધ્યું છે જ્ઞાન -
(રાજીનામું)

## ચિંતન

**ધુનોતિ ધ્વાન્તાનિ વ્યપનયતિ નીહારપટલં કુલં રાજીવાનાં દલયતિ રથાંગં રમયતિ ।**
**જગદ્વયાપી દેવઃ સુખયતિ જનાનાં ચ નયનં ન યાતિ સ્થેમાનં યદિ તદિહ દૈવ જયતુકઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘નશીબનો મહિમા’માંથી આ શ્લોક છે :

જે સમગ્ર વિશ્વનો અંધકાર દૂર કરે છે. ઝાકળના પડદાને હરી લે છે, અર્થાત ઝાકળના આવરણનો નાશ કરે છે, કમળના સમૂહને ખીલવે છે ચક્રવાતને રમાડે છે તેમજ માનવો ના નયનને સુખ આપે છે તેવો સૂર્ય પણ સ્થિરતા મેળવી શકતો નથી. ખરેખર આ લોકમાં દૈવ-ભાગ્ય-નશીબને કોણ જીતી શક્યું છે?

જગત જે સૌને હેરાન-પરેશાન કરે છે તે ગ્રહોનો અધિપતિ છે સૂર્ય - બધા જ રોગોનો નિવારક છે સૂર્ય - સૂર્ય ઉપાસના શ્રેષ્ઠ ફળ આપનાર છે. આવા સૂર્યને પણ ‘ગ્રહણ’ નડે છે.

.. અને કવિ કલ્પના મુજબ સૂર્ય સતત ગતિ કરે છે એક ક્ષણનો વિરામ કર્યા વિના એને ચાલવું જ પડે છે સ્થિરતા પ્રાપ્ત કરી શકતો નથી.

આમ તો સૂર્ય જ વિશ્વ-બ્રહ્માંડનું ઉદ્ગમ સ્થાન છે તે ‘સ્થિર’ જ છે પણ કવિ કલ્પના પ્રમાણે એને ‘નશીબ’નો ભોગ દર્શાવ્યો છે.

## સુવિચાર

- કરૂણા અનુકંપા વગરનું હૃદય ગમે તેટલી આલીશાન મહેલ જેવું હશે તો પણ તે ભૂતિયો મહેલ બની રહેશે **- રામકૃષ્ણ પરમહંસ**
- હું તો માનું છું તમે એક ખેલદિલ અને દયાળુ બની શકો તે પણ મોટી સફળતા છે **- કાન્તિ ભટ્ટ**
- મારા બધા સ્વપ્નો ઇચ્છાઓનું ધારેલ ફળ ન મળે તો શું માટે જિંદગીને ધિક્કારવી અને જંગલમાં જઇ સન્યાસ લઇ લેવો?? **- કવિ ગેટે**
- નવ દંપતિને સમર્પિત : એકબીજાની ઉર્જા ને પોઝિટિવ દિશામાં વાળીશું, ક્રોધને બદલે કારકિર્દી, ઇર્ષ્યાને બદલે અન્ડરસ્ટેન્ડીંગ, હરિફાઇને બદલે હમદર્દીને જગ્યા આપીશું **- જનકલ્યાણ**
- અંતઃકરણનો અવાજ જે ચેતવણી આપે છે કે કોઇક જોઇ રહ્યું છે **- એસ. ભટ્ટાચાર્ય**
- કપરા કે સારા સંજોગોમાં આનંદિત રહેવાનો પ્રયત્ન કરનાર છૂપી રીતે પણ સંસારનું ભલુ કરે જ છે **- માનસ સૂત્ર**
- ‘આટલા બધા માણસો સતત દુઃખના ભાર નીચે કેમ જીવતાં હશે??’ કારણ કે તેઓ જરૂરિયાતો પુરી કરવાને બદલે ઇચ્છાઓ પુરી કરવાના પ્રયત્નમાં છે **- મુનિ ભાનુચંદ્રજી**

## બોધ કથા

આજનો વિદ્યાર્થી ‘મોબાઇલ’માં એવા ખૂંપી જાય છે કે એને નજીકથી બોલાવીએ-પુછીએ તો એમની મગ્નતામાં કંઇ જ સાંભળતા નથી - રીતસર ‘જગાડવા’ પડે - પણ જો વાંચવા બેસાડ્યા હોય ત્યારે આપણા ટેપ પર ‘સુંદરકાંડ’ વાગતો હોય તો તરત કહે દાદા અવાજ ધીમો કરો ને ‘ડીસ્ટર્બ’ થાય છે!!

આમાં જાગવા-જગાડવા કે ‘ડીસ્ટર્બ’ નો પ્રશ્ન નથી પણ તમે મનથી કેવા ‘લીન’ થઇ કોઇ ક્રિયા કરો છો તે સમજવાનું છે.

એક મૌલવી જ્યારે નમાજ પઢતા ત્યારે જ એમનો વિરોધી પડોશી જોરશોરથી સંગીત વગાડી ઘોંઘાટ શરૂ કરી દેતો!

બીજા નમાઝીઓ એ મૌલવીને કહ્યું આપ આવો ઘોંઘાટ સહન કેમ કહી લો છો? આવા ઘોંઘાટમાં નમાજ પણ કેમ અદા થાય? તમે એને ફરિયાદ કરી અટકાવતા કેમ નથી? મૌલવી કહે - તમે ક્યાં ઘોંઘાટની વાત કરો છો? નમાજી કહે આ મસ્જિદ નજીક તમારો પડોશી દરરોજ સંગીત વગાડી ઘોંઘાટ કરે છે તેની..

મૌલવી કહે - તો પછી તમારૂં ચિત્ત નમાજમાં નહીં પણ ઘોંઘાટ સાંભળવામાં રોકાયેલું હોવું જોઇએ!

Email - sureshchandrabhatt18@gmail.com

# મગર, શિક્ષણ અને વ્યવસ્થા : આજે કૉફી કડવી વધારે છે...

## કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

**When the Student is ready,**
**Teacher will appear**

● ●

જયારે વિદ્યાર્થી તત્પર તશે,
ત્યારે શિક્ષક પ્રગટ થશે...

● ●

તર્ક સંગત અને બુદ્ધિ-આધારિત માનવ સમાજમાં શિક્ષણ એક વ્યવસ્થા છે, જે સંઘર્ષને ન્યૂનતમ અને વૈચારિક એકતાને મહત્તમ સ્તર સુધી લઇ જવાનો પ્રયત્ન કરે છે. સેકંડના નવમા, દસમા ને પંદરમા ભાગ સુધી પહોંચી ગયેલી દુનિયા આજે પ્રકાશવર્ષોની પણ વાતો કરે છે, અહિંયા સામ્યવાદ, સામ્રાજયવાદથી માંડી મુડીવાદ સુધીનાં વૈચારિક ફલકો બુદ્ધિની તીવ્રતા અને તેમાંથી પેદા થતી ઇષ્ટતમ ઇચ્છાઓનાં આધાર પર વિસ્તર્યા છે. વારંવાર સમજવાનો પ્રયત્ન કરવા છતાં ના સમજાતી અને પ્રયત્ન કર્યા વિના જ સાવ અચાનક જ સમજાઇ જતી દુનિયાને પોત-પોતાની વ્યક્તિગત રીતે ‘સમજવા’, અને ‘ના-સમજવા’ માટે શિક્ષણ એક માધ્યમ - વ્યવસ્થા બની રહે છે. આ વ્યવસ્થાને બહેતર કરવાનાં સતત પ્રયત્નો ચાલતા રહે છે... પણ બહેતર અર્થાત્ સારી એટલે કેવી સારી? એ કોણ નક્કી કરશે? ‘સારી’ વ્યવસ્થા કોને કહેવાય? તમારો જવાબ પણ નક્કી જ છે, હે ને?

ફેસબુક પર ‘આ’ર એજ્યુકેશન સિસ્ટમ’ નામનું પિક્ચર ઘણા વખતથી તેની દર્રો-દિવાલો પર શેર થયા કરે છે... એક વૃક્ષ છે, સમય પરીક્ષાનો છે, પ્રશ્ન ઝાડ પર ચડવાનો છે અને પરીક્ષાર્થીઓમાં વાંદરો, મગર, માછલી, ખિસકોલી, પક્ષીઓ વગેરે છે..!! આમાંથી ફક્ત વાંદરો અને ખિસકોલી પરીક્ષા આપવા સક્ષમ ગણી શકાય, જયારે બાકીનાં નહીં!! જો આવી કોઇ પરીક્ષામાં મગર ઝાડ પર ના ચડી શક્યો તો શું તેને નાપાસ જાહેર કરવો? તેને જમીની તમામ વ્યવસ્થઆઓ માટે અયોગ્ય ઘોષિત કરી નાંખવો? કે પછી દોષ કે મગરનાં મા-બાપનો જેમણે ઉત્તમ શિક્ષણનાં ઘણાં વિકલ્પો વિચાર્યા બાદ સૌથી ઓછો સાહસિક માર્ગ અપનાવતા એને એનાં તળાવ-નદીની બહાર કાઢી એ વ્યવસ્થામાં ગોઠવી દીધાો, જયાં એ પોતાની કાબેલિયત બતાવવા સક્ષમ ન હતો...!! આ મગર-સંતાન પર બળાપો કાઢવાનો હક પછીથી મા-બાપ પાસે રહે ખરો? હજી ઊભા રહો....એ મા-બાપની દલીલ સાંભળો, એ કહે છે આ વૃક્ષ - સરકાર માન્ય છે, એનાં પર ચડે તો જ તેને આ રાજય કે દેશની વ્યવસ્થઆ માટે યોગ્ય ગણી શકાય, બાકી તમારી રીતે ફોડી લેજો? સરકાર કહે છે, ‘સી પ્રેક્ટિસ મેક્સ અ મેન પરફેક્ટ, ટીચ યોર મગર - સન ટુ ક્લાઇમ્બ અપ ધ ટ્રી... સી, આ જુએ મગર શિક્ષા અભિયાન - આ જુઓ વિશેષ જલનિવાસી સશક્તિકરણ યોજના - અમે મગરને ઝાડ પર ચડાવીને જ રહીશું... પણ જો એને પાણીમાં તરીને એક્ઝામ આપવી હોય તો અમારી બિગ ‘નો’ છે... આવા વિદ્યાર્થીઓ માટે સરકારે વિશેષ શાળાઓની શરૂઆત કરી છે - આપનો બાળ - મગર ડિસએબલ્ડ છે...’ આ બાળ - મગરનાં માતા-પિતાનું ૧૮૦ ડિગ્રી ખુલતું મોં સરકારી દલીલો સાંભળીને, જ બંધ થઇ ગયું... છોડો ભાઇ, કાલે ઉઠીને રોજગારી નહીં મળે તો? શિકાર કરીને જીવવું એ આપણી આવડત છે - હતી? પણ જવા દો, ગ્લોબલ વોર્મિંગનાં યુગમાં પકડવા માટે માછલાં’ય નહીં મળે થો? ભલે એ જમીન પર જતો, હોસ્ટેલોમાં રહેતો, ઝાડ પર ચડવાની તૈયારી કરતો... એ ૨ સે.મી. ચડી જાય તો’ય ભયો ભયો... કાલ ઊઠીને એનાં માછલાની આપણને ચિંતા નહીં... એને પાણીની તાજી નહીં તો કોલ્ડ સ્ટોરેજની ઠંડીને સૂકી મળશે... પણ મળશે તો ખરી ને...’ મગર માતા-પિતા પોતાના ત્રણ ખાનાવાળા હૃદય પર હાથ મૂકીને છેવટે મોકલી દે છે મગરને ઝાડ પર ચડવા...

પણ કેટલાંક મગર વિચારશીલ નીકળ્યા, જૂની પરંપરાની વાત પણ કરે ને એ પરંપરા તોડવાની પણ... કહે છે,’ આમ મગરોને જમીન શોભે નહીં,’ પછી એટલસ કાઢીને આંખ વડે ઇશારો કરતા વાત કરે’ ... જુઓ અહીં હિન્દ મહાસાગરે પેલે પાર પેસેફિકમાં ને આ બાજુ એટલાન્ટિકમાં... ત્યાં મોકલીએ ત્યાં એજ્યુકેશન સારૂં છે... કેમ કે આપણે મગરૂં દરિયામાં શીખીને આવશે તો આપણી નદીયુંમાં આરામથી જીવન જીવી શકશે.’ વળી કો’કને બીક પેઠી, ‘પણ આપણે મગરૂં, દરિયાનો થઇ ગ’યો તો?’ ‘બેન થાય તો થાય એની કિસ્મતમાં મોટા માછલા હશે... પણ ભણશે તો સારૂં ને...’ વળી કો’ક કહેશે... ‘આને એટલે દૂર ના મોકલાય, આપણા વડવા જયાં જતા હતા ને - આ અરબ સાગર મહાવિદ્યાલયને બંગાળની ખાડીની વિદ્યાપીઠો સારી... મગરૂં બહાર જાય તો’ય આપણો તો રહેશે ખરો છેવટે...’ આ બધા વચ્ચે મગરૂં કન્ફ્યુઝ થાય, ‘છોડો યારો, આપણી નદીની રેતી સારી... ત્યાં પડ્યા રહેવાનું... મારા છોકરાવને પણ આ જ શીખવાડયું છે.’ ને બસ ત્યારથી જ બધા મગરો રેતી પર આલસુની જેમ પડ્યા રહેવાનું શીખી ગયા... સરકાર અને સમાજ માટે આ અસહ્ય હતું, એમણે કમિટી બેસાડી, તાત્કાલિક નવા ધર્મ શરૂ કરી દીધાં, નવા સ્ટીકર - નવા લેબલ બધુ જ તૈયાર કરી નાખ્યું... આ રેતીમાં પડેલાં મગરને હવે નકામા, ખૂંખાર, હિંસક અને સમાજ માટે તદ્દન બિનઉપયોગી એવી શ્રેણીયાં નાખવાનો સમય આવી ચૂક્યો હતો... એનાં જડબાં ખેંચીને લાંબા કરી નંખાયા, જેથી એ આસાનીથી બોલી ના શકે. એની આંખો અને ખરબચડી ચામડી જોઇને સરકારે ‘ક્રૂરતા’ની વ્યાખ્યા બદલી નાંખી... હવે આ વાંદરા - ને - ખિલકોલી બધાં જ સરકારી ડિકશનરી અને સરકારી પાઠ્યપુસ્તકો જ વાંચતા એટલે ‘ક્રૂરતા’ની નવી વ્યાખ્યા મુજબ પ્રશ્નપત્રમાં ૧૫૦ શબ્દોમાં ૨૦ માર્કમાં પૂછાયેલાં નિબંધમાં બે ફકરા અચૂક મગર વિશે લખતાં...!!

વાંદરો તો ઠીક પણ પેલી બિચારી ખિસકોલી એ તો મગરને જોયો બી ન હતો... સિવાય કે ચોપડીઓનાં ફોટાઓમાં...!!

એ ખિસકોલીએ પણ ખબર પાડી દેવામાં આવી કે... મગર ક્રૂર છે... પડ્યો રહે છે... રેતીમાં... મોં ખોલીને!!

મગરને’ય થઇ ગયું જે હું નથી તેનાં માટે બદનામ છું, તો એવો થઇને જ બદનામ કેમ ના થઉં? વડીલો સમજાવે, કેટલા માને, કેટલાંક ના પણ માને... પછી આ મગર, મગ્ગર થઇ ગયો...

● ●

હજી પણ પેલું ઝાડ ત્યાં જ છે,
નિયમો થોડા હળવા - ભારે થયા છે
પણ
ચડવાનું તો ઝાડ પર જ...
મગર ઇચ્છે તો એડમિશન લઇ શકે છે...

● ●

પણ મગરની ‘ઇચ્છા’ જરૂરી છે...
ઝાડ પર ચડવા એને ‘ઇચ્છા’ થશે ખરી?
એને તો પાણીમાં તરવાનાં અરમાન છે...
એને
પાણીમાં તરવાની ઇચ્છા થઇ...
અને એનો ગુરૂ તેની સામે પ્રગટ
થઇ ગયો...

● ●

**When the Student is ready,**
**Teacher will appear**

● ●

કેટલાક મગર દરિયા પાર કરી ચૂક્યાં છે, કેટલાંક હજી નદી કિનારે રેતીમાં પડ્યા છે...

હજી...

● ●

બોલો.... શું લેશો? ચા, પાણી, નાસ્તો...?

- ch9723367947@yahoo.com

**સુધારો (છાપભૂલ)**

ગઇકાલનું હાઇકુ આમ વાંચવું
ઉતરી ગયો
મોદી મોતિયો, મળી
નવી નજર

# લોકો સંતનું શરણ સ્વીકારે છે કારણ સંતો તો વૃક્ષ સમાન છે, પોતે તડકો સહન કરે ને અન્યને છાયા આપે, વૃક્ષ તો સૌ માટે સમાન ભાવ પ્રેરક છે, સંતો પણ સૌને સમાન ભાવે જ મળે છે

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

“તપન્તે લોકતાપેન સાધવો પ્રાયશો જનાઃ
પરમારાધનં તદ્પિ પુરૂષારિવલાત્મનઃ”

લોકોની વેદના જોઇને મહાપુરૂષો સ્વેચ્છાપૂર્વક તેવી યાતનાઓ સહન કરે છે. પરમ - તત્ત્વને પામવાની આ સર્વશ્રેષ્ઠ રીત છે.

(શ્રીમદ ભાગવત પુરાણ)

શ્રીમદ ભાગવતમાં આઠમા સ્કંધમાં આવતો આ શ્લોક જન-સામાન્ય તથા સંતોના જીવન વચ્ચેનો સ્પષ્ટ તફાવત દર્શાવે છે. શ્રીમ્દ ભાગવત આપણા દાર્શનિક તેમજ ઐતિહાસિક ગ્રંથોમાં શીરમોર સમાન છે. પોતાના વિપુલ જ્ઞાન-ભંડારથી તે ભક્તિ-સાહિત્યનો સર્વોચ્ચ ગ્રંથ મનાય છે. સમયની સીમાઓને પાર કરતું ભારતીય તત્ત્વજ્ઞાન વેદો તથા ઉપનિષદોમાં સચવાયું છે. શ્રીમદ્ ભાગવત એ વૈદિક - કલ્પવૃક્ષનું પરિપક્વ ફળ છે. ભગવાન વેદ - વ્યાસની પક્વ પ્રજ્ઞાનું ભારતીય - સંસ્કૃતિને એ મહાન દાન છે. તે માટે તો તેને ‘અમલં પુરાણ’ કહેવામાં આવે છે.

આવા ધાર્મિક ગ્રંથોમાં, જીવનના તમામ ક્ષેત્રોને આવરી લેતા વિવિધ પાસાંઓ પર વિશદ્ છણાવટ થયેલી છે. સિદ્ધાંત પર આધારિત સંસ્કૃતિમાં જીવતો માનવ-સમાજ ભાગ્યે જ વિષમતા અનુભવે. જયારે સિદ્ધાંત વિહિત જીવતો સમાજ ડગલે ને પગલે વિષમતાનો અનુભવ કરતો હોય છે. પરિણામે સૌ ભૌતિક જીવનમાં જ ઉપર છલ્લો - દેખાતો ઉત્કર્ષ સાધવા સતત પ્રયત્નો કરતો રહે છે. આ વિશાળ - સંસાર - વૃક્ષનાં મૂળને શોધવા માટે વિવિધ પદાર્થોની અણુ-પરમાણું રચના તપાસવામાં આવે છે. આ દેખીતી વિવિધ અણુ-રચના પાછળ કોઇ એક પ્રેરક બળ છે કે કેમ તે પ્રશ્ન સતત ઉઠતો રહે છે.જે ચૈતન્ય - તત્ત્વ દેખાય છે તે કયાંથી પ્રાપ્ત થાય છે. તેનો ઉકેલ વિજ્ઞાનને તો નથી મળ્યો પણ ભાગવત સ્પષ્ટપણે જણાવે છે કે તમામ પદાર્થોનું મૂળ એક પરમાત્મા છે. આ દૃષ્ટિએ ભાગવતને તો આધ્યાત્મિક વિજ્ઞાન માનવું જોઇએ.

માનવો મૂળ તત્ત્વની શોધ પાછળ શા માટે પડ્યા છે? કારણ વ્યક્તિ પોતાને અપૂર્ણ માને છે. પૂર્ણતાની શોધ વિના શાંતિ ન મળે. પૂર્ણતા માટે ઊંડુ - ઉતરવું પડે. પૂર્ણતા પ્રાપ્ત કરવાના વિવિધ માર્ગોનું દર્શન શાસ્ત્રો કરાવે છે. જેમાં દર્શન-પૂજન, કીર્તન, દાન, તપ, યજ્ઞ, જપ આદિ મુખ્ય છે. માનસ ઉર્ધ્વ માનસ તથા અતિમાનસની યોગિક - પ્રક્રિયા પણ છે. પરંતુ ભાગવત તો આપણને સહજ - સરળ માર્ગ દર્શાવે છે. સંતો ભાગવતના આ માર્ગને અનુસરનારા છે. શ્રીમદ્ ભાગવતનો પ્રારંભ પણ આવાજ પ્રશ્નનો જવાબ મેળવવાની પરિક્ષીતની ઉત્કંથામાંથી થયો છે. પરિક્ષીત તો સમાજનો પ્રતિનિધિ છે. તેનો પ્રશ્ન પણ આપણા મનમો પ્રશ્ન છે. પરમ - તત્ત્વને પ્રાપ્ત કરવાની સર્વશ્રેષ્ઠ રીત કઇ?

સંતો પોતાના વર્તનથી આ પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર આપે છે. પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે સૌ પ્રથમ તો શ્રદ્ધાની જરૂર છે. ભિન્ન ભિન્ન વિચારધારા ધરાવતા સમાજમાં શ્રદ્ધા પણ ભિન્ન ભિન્ન હોવાની પરંતુ શ્રદ્ધેય હોવું જરૂરી છે. વેદમાં તો ખુદ શ્રદ્ધાને જ એવી પ્રાર્થના છે ‘હે શ્રદ્ધા અમને શ્રદ્ધામય બનાવ’ છાંદોગ્ય ઉપનિષદ’ માં સનતકુમારને નારદ જેવા સંતને પણ નિષ્ઠા તથા શ્રદ્ધા ધરાવવા કહ્યું હતું. નિષ્ઠાવાદ સદૈવ શ્રદ્ધાળુ હોય છે. પણ નિષ્ઠા કર્મ પ્રેરક હોય તે જરૂરી છે. વ્યક્તિ પરત્વેની નિષ્ઠા સદૈવ ઉત્કર્ષ આપનાર નથી બનતી જયારે કર્મ - નિષ્ઠ વ્યક્તિ સદા પ્રગતિ સાધતો રહે છે. સંતોનાં કર્મો જોઇને જ સમાજ તેના પ્રત્યે નિષ્ઠાવાન થાય છે. ભૌતિક જીવનમાં સૌ બંધનોમાંથી મુક્તિ અપાવે તેજ સાચી શ્રદ્ધા.એજ સત્ય ધર્મ. સંતો આવા માર્ગે ચાલનાર મનાય છે. તેથી જ સમાજમાં રાજસત્તા કરતા સંત-સત્તા વધારે પ્રભાવિત કરનાર બને છે.

સંત તુલસીદાસજી સંતોનો હાલતા ચાલતા તીર્થ સમાન ગણે છે. લોકો પોતાના મનની વેદના સમાવવા તીર્થયાત્રા કરે છે. સમાજ વેદનામય છે. ભગવાન બુદ્ધ પણ સંસારને દુઃખમય ગણાવે છે. આપણા કવિઓ પણ ગાય છે કે ‘સુખનાં તો ક્ષણિક ઝાંઝવા... દુઃખના પથરાયા છે પહાડ...’ સમાજની પીડાના કારણો અનેક હોય છે. વિચિત્ર તથા ભિન્ન હોય છે. સત્તા કાયદા તથા નિયમનો દ્વારા આ કારણોનો અંત લાવવા પ્રયત્ન કરે પણ પિડાતી પ્રજા તો કાયદાના શરણે જવા કરતાં સંતોનાં ચરણે જવાનું વધારે પસંદ કરે છે.

લોકો સંતનું શરણ સ્વીકારે છે કારણ સંતો તો વૃક્ષ સમાન છે. પોતે તડકો સહન કરે ને અન્યને છાયા આપે. વૃક્ષ તો સૌ માટે સમાન ભાવ પ્રેરક છે. સંતો પણ સૌને સમાન ભાવે જ મળે છે. સાચા સંત માટે કોઇ ‘મારૂં-તારૂં’ નથી હોતું. તેઓનાં ચિત્ત અતિ કોમળ હોય છે. લોકોની યાતનાઓને પોતાના અંગ પર ઝીલે છે. ઇસુએ સમસ્ત વિશ્વના દુઃખ દુર થાય તે માટે વધસ્તંભ સ્વીકાર્યો? માછીના વાંસા પર પડેલ સોળ રામકૃષ્ણ ઠાકુરના વાંસા પપર દેખાતા હતા. ચલાળાના દાના ભગત લોકોની પીડા પોતે ભોગવવા તૈયાર થતા.

પ્રજા પિડાય છે કારણ સમાજમાંથી પુરાણકથિત અસુરો તથા રાક્ષસોનો વિનાશ થયો નથી. આધુનિક યુગમાં તો તેનો વંશવેલો ફૂલતો-ફાલતો જાય છે. પુરાણોમાં પણ જેનું અને જેવું વર્ણન ન મળે તેવા બનાવો આજના આ રાક્ષસોનાં હાથે થાય છે. સામુહિક બળાત્કાર, બાળકોનાં અપહરણ અને માત્ર થ્રીલ ખાતર - પોતાના આનંદ માટે કરતા ગોળીબાર જેવી ઘટનાઓનો કોઇ ઉલ્લેખ પુરાણો કરતા નથી. નિષ્ઠુર રાજસત્તા તો માત્ર કાયદા ઘડે છે. તેના અમલ માટે સદા નિષ્ક્રિય જ હોય છે.

આવી સ્થિતિમાં પ્રજા માટે સંતોનું શરણ એક માત્ર આશ્વાસન રૂપ બને છે. સજીવ-જીવોની આ વેદનાવાણી સંતોનાં આંતર-મનને સ્પર્શી જાય છે. તરસથી પીડાતા ગધેડાને સંત એકનાથે ગંગાજળ પાયું તે તેની સમ-સંવેદન દર્શાવે છે. સંત તોરલના ચરણે પોતાની સૌ વેદના વ્યક્ત કરનાર જેલસ... કે લુંટારો અંગુલિમાલ... સંત ચરણ પ્રતાપે સંસાર તર્યા છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# સંજોગોવશાત્ ઈતડી જો ચોંટી હોય તો તેને ખંખેરી ન નાખતાં, ચિપિયા વડે પકડીને તેને અળગી કરવી તે પછી તેનો નાશ કરવો

## ક્રિમિયન-કોંગો હેમરેજીક જવર

## આરોગ્ય-માર્ગદર્શન

- ડો. હરિકાન્ત નાણાવટી

તાજેતરમાં અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના નાનકડા ગામ, કરિયાણામાં ભેદી રોગને લઈ કેટલાક માણસોનાં મૃત્યુ થયા. ગામમાં ભય ફેલાયો. ગામમાંથી હિજરત થવા લાગી. આરોગ્ય-અધિકારીઓએ આ રોગ દૂષિત પાણીથી થયો છે તેવું પ્રાથમિક સ્તરે જણાવેલું, પણ પાણીજન્ય રોગોમાં તાત્કાલિક મરણ થતાં નથી આથી આ રોગ પાછળ અન્ય પરિબળો હોવાની પુરી સંભાવનાઓ હતી. વિશેષ સંશોધનો પછી તે રોગનાં લક્ષણો અંતે તપાસ કરતાં હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે આ રોગ ‘કોંગો ફીવર’ નામે વિદેશોમાં જાણીતો રોગ છે, જેનું મેડીકલ નામ ‘ક્રિમીયન-કોંગો હેમરેજીક-ફીવર’ તેવું છે. આ રોગનાં વિષાણુ પણ તે નામે જ ઓળખાય છે.

આ રોગનો પ્રારંભ તો, મધ્ય-એશિયાના વિસ્તારમાંથી થયો છે ત્યાં તે ‘રક્તસ્ત્રાવી જવર’ તરીકે ઓળખાતો. સમય જતાં આ રોગનો ફેલાવો રશિયા-અફઘાનિસ્તાન, આલ્બેનિયા, બોસ્નિયા, વાલ્ગેરિયા, દક્ષિણ ચીન, પાકિસ્તાન, તુર્કી તથા આરબ દેશોમાં થયો રહ્યો. આપણે ત્યાં, થોડા સમય પહેલાં સાણંદ વિસ્તારના ગ્રામ્ય પ્રદેશોમાં જોવા મળેલો. તાજેતરમાં કરિયાણા ગામે આ રોગનાં લક્ષણો ધરાવતા કિસ્સાઓ મળી આવ્યા છે. આ એક વિષાણુજન્ય ચેપી રોગ છે તેનો ચેપ ઈતડી (Ticks) દ્વારા ફેલાય છે. યોગ્ય સારવાર ન થાય તો આ રોગ ઘાતક પુરવાર થાય છે.

વ્યાપક સંશોધન પછી એવું ફલિત થયું છે કે આ રોગના ભોગ બનનાર પાલતું - પશુઓ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતા હતા. આરોગ્ય સેવા સાથે સંકળાયેલા કર્મચારીઓમાં પણ આ રોગ થવાની સંભાવના છે. આ રોગનો ઉપદ્રવ સામાન્યતઃ જુનથી સપ્ટેમ્બર માસ સુધી વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ સમય દરમિયાન આ રોગનાં રોગવાહક જંતુઓ વધારે સક્રિયતા ધરાવતાં હોય છે. આ સમયનું વાતાવરણ પણ તેમને સાનુકૂળ હોય છે.

**● રોગનાં કારણો ઉત્પત્તિ :**

આ રોગનાં વિષાણુના સંચય - સ્થાન તરીકે વિવિધ પ્રજાતિની ઈતડી (Ticks) કાર્ય કરે છે. ઘેટા-બકરાં, ગાય-ભેંસ જેવા દુધાળું પાલતું પશુઓ જંગલોમાં વસતાં તૃણભક્ષી પ્રાણીઓ જેવાં કે હરણ-સાબર-ચકોરા ઈત્યાદિ જંગલી સસલાં, શેળા જેવાં રૂંવાટીવાળા પ્રાણીઓ પણ આ રોગનાં વાહકો બનતા હોય છે. રોગનું વહન કરનાર ઈતડી, આ પશુઓના શરીર પર ચોંટે છે ને તેનું લોંહી પીવે છે. પુખ્ય વયની ઈતડી, પશુનાં લોહી પર પોતાનો નિભાવ કરે છે. પુરી રીતે પેટ ભરાતાં તે પશુનાં શરીર પરથી જમીન પર પડી જાય છે. ત્યાંથી પસાર થતી વ્યક્તિનાં સંસર્ગમાં આવતાં તેનાં પગે કે હાથ પર ચોંટી જાય છે. ત્યાં તે વ્યક્તિને ડંખ મારે છે ને પોતાના શરીરમાંના વિષાણુ જે તે વ્યક્તિના શરીરમાં દાખળ કરે છે. ડંખ લાગતાં તે વ્યક્તિ તેને ઊખેડી નીચે ફેંકે છે અથવા તો મોટા ભાગે ત્યાં જ કચડી કે ચોળી નાખે છે. ઈતડી કચરાય પણ તેના શરીરનું તરલ - પ્રવાહી વ્યક્તિનાં ચામડીનાં સંપર્કમાં આવે છે. પરિણામ સ્વરૂપ રોગનાં વિષાણુઓ ચામડી દ્વારા શરીરમાં પ્રવેશી જાય છે.

ઈતડી (Tick) જે પ્રાણીના શરીર પર હોય ત્યાંથી જ તેનું લોહી ચુસતી રહે છે. ઈતડી લાંબો સમય જીવીત રહી શકે છે, તેથી લાંબો સમય તે વિષાણુનો સંગ્રહ કરતો હોય છે. ઈતડી પુખ્ય વયની ન હોય તો પોણ તે લોહી ચૂસે છે જે રોગનાં જંતુનો સંચય કરે છે. આમ આ રોગના ફેલાવા માટે પ્રાથમિક સ્તરે ઈતડી (Tick) જવાબદાર છે. પશુ-પાલકો જેમ પશુના સંપર્કમાં આવતા હોય છે તેમ દર્દીની સેવા સુશ્રુષા કરનારા પણ આવા દર્દીના સતત સંપર્ક દરમિયાન દર્દીની લાળ, પરસેવો, મૂત્ર કે લોહીનો પ્રત્યક્ષ સંપર્ક થાય છે, જેમાં રોગના વિષાણુની હાજરી પણ હોય છે. આ કારણે રોગનું સંક્રમણ થાય છે - ચેપ ફેલાય છે. જયારે કોઈ પણ વ્યક્તિ પોતાના શરીર પરની ઈતડીને ઉખેડી નાંખે કે ત્યાં જ કચડી નાંખે ત્યારે જે તે ઈતડીના મુખ કે ડંખનો ભાગ ચામડી સાથે સંકળાયેલો જ અને તેમાં ખૂંપેલો રહે છે અને રોગ થવાની તકો ઉભી થાય છે.

આ રોગનો ઉદ્ભવની અવધિ ૩ થી ૭ દિવસનો મનાય છે. આ ગાળા દરમિયાન રોગાણું શરીરમાં ફેલાઈ જાય છે ને તે ઘાતક બને છે. રોગની સારવાર કરનાર હોસ્પિટલોમાં પણ આ રોગનાં જંતુ જોવા મળે છે.

**● રોગનાં લક્ષણો :**

આ બિમારી વિષાણુજન્ય છે. તેથી તેનો હુમલો સાવ અચાનક જ થાય છે. તાવ આવે છે શરીરમાં દુઃખાવો થવા લાગે છે અશક્તિ વર્તાય છે. કયારે માથું દુઃખે છે. સ્વભાવ ચીડીયો બની જાય છે. કમરમાં ને હાથપગના સ્નાયુમાં અસહ્ય પીડા થાય છે. આ ઉપરાંત બિમાર વ્યક્તિને ખોરાક તરફ અરૂચિ થવા લાગે ઉલ્ટીઓ થાય, પેટમાં દુઃખાવો થાય, ઝાડા થાય અને દર્દીની ફરિયાદો વધતી જાય.

**● રોગનાં ચિહનો :**

રોગની શરૂઆતમાં બિમાર -વ્યક્તિના ચહેરા પર છાતી પર લાલાશ પડતાં ટપકાં ઉપસી આવે છે. આંખના ડોળા પર પણ એક પ્રકારની લાલાશ જોવા મળે. દર્દીના તાળવા પણ ગળાની પાતળી ચામડી પર છાતી તથા પેટના ભાગ પર લોહીથી ભરેલી હોય તેવી ફોલ્લી ઉપસી આવે. કેટલાક કિસ્સામાં રોગીનાં દાંતના પેઢામાંથી નાકમાંથી ફેફસામાંથી ગર્ભાશય અને આંતરડામાંથી લોહી પડવા લાગે. જો દર્દીના લીવર પર આ બિમારીની અસર હોય તો લોહી પડવાનું પ્રમાણ વધારે પડતું હોય, વહેલું લોહી ન ગંઠાય તે પરિણો ધાતક પરિણામ આવે. દર્દીના મૂત્રના પરિક્ષણમાં પણ તેમાં રક્તકણો તથા આલ્બ્યુમીનની હાજરી જોવામાં આવે.

**● રોગનાં પ્રારંભે ધ્યાન આપવા જેવું ...**

બિમાર વ્યક્તિને રોગના પ્રારંભમાં તાવ ચઢી આવે છે. તાવ ૫ થી ૧૨ દિવસ સતત રહે છે. તાવનું પ્રમાણ સહેજ નીચું હોય છે. કેટલાક કિસ્સામાં તાવ સવાર-સાંજ ચઢે-ઉતરે છે આ તાવ જયારે પુરેપુરો ઉતરી જવાનો હોય ત્યારે અચાનક ઉતરી જાય છે. શરીરનું ઉષ્ણાતામાન સામાન્ય સપાટી પર આવી જાય છે. આ સમયમાં લોહીનાં રહેલાં શ્વેતકણોમાં ઘટાડો થતો જોવા મળે છે. લિમફોસાઈટ્સ કણોની સંખ્યા પણ ઘટે છે. ઘણાં બધા કિસ્સામાં આ રોગ થયા પછી પાંચથી ચૌદ દિવસ સુધીમાં દર્દી મરણ પામે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)